# એથ્લેટિક્સમાં ભારતે 2 સિલ્વર અને 3 બ્રોન્ઝ સહિત 5 મેડલ જીત્યા

**મહિલા** લોન્ગ જમ્પમાં એન્સી સોજન અને પુરુષ હાઇ જમ્પમાં સરવેશ કુશારેને સિલ્વર

**ડેકાથલોનમાં** તેજસ્વિન, સ્ટીપલચેઝમાં પારુલ અને 200 મીટરમાં હરિતાને બ્રોન્ઝ





નાગોયા, તા. 27 (પીટીઆઈ): આઈચી-નાગોયા એશિયન ગેમ્સ 2026ના આઠમા દિવસે રવિવારે મિઝુહો પાર્ક એથ્લેટિક સ્ટેડિયમ ખાતે સતત બીજા દિવસે પડેલા વરસાદ અને ઝાપટાં વચ્ચે ભારતીય એથ્લીટોએ 2 સિલ્વર અને 3 બ્રોન્ઝ સહિત કુલ 5 મેડલ મેળવ્યા હતા. આ સાથે જ એથ્લેટિક્સમાં ભારતની મેડલ સંખ્યા 13 (6 સિલ્વર, 7 બ્રોન્ઝ) પર પહોંચી છે, પરંતુ સ્પર્ધાના બે દિવસ બાકી હોવા છતાં પ્રથમ ગોલ્ડ મેડલની શોધ હજી યથાવત છે.

મહિલા લોન્ગ જમ્પમાં 25 વર્ષીય એન્સી સોજન 6.53 મીટરના કુદકા સાથે ગોલ્ડ મેડલ જીતવાની અણી પર હતી, પરંતુ ચીનની હુઆંગ યિંગયિંગે પોતાના અંતિમ પ્રયાસમાં 6.55 મીટરનો જમ્પ લગાવીને ગોલ્ડ છીનવી લેતાં એન્સીને સિલ્વરથી સંતોષ માનવો પડ્યો હતો.

પુરુષ હાઈ જમ્પમાં સરવેશ કુશારે અને ચાઈનિઝ તાઈપેઈના ચાઓ-હ્સુઆન ફૂ વચ્ચે કડક સ્પર્ધા જોવા મળી હતી. બંને ખેલાડીઓએ 2.25 મીટરની ઊંચાઈ કુદી હતી, પરંતુ કાઉન્ટબેક નિયમના આધારે તાઈપેઈના ખેલાડીને ગોલ્ડ અને સરવેશને સિલ્વર મેડલ એનાયત કરાયો હતો.

ડેકાથલોનમાં તેજસ્વિન શંકરે 10 ઈવેન્ટ્સના અંતે 7934 પોઈન્ટ મેળવીને બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. મહિલા 3000 મીટર સ્ટીપલચેઝમાં પારુલ ચૌધરીએ 9 મિનિટ 8.67 સેકન્ડનો નવો નેશનલ રેકોર્ડ બનાવીને બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. આ સિવાય છેલ્લી ઘડીએ ભારતીય ટીમમાં સામેલ કરાયેલી મુંબઈની હરિતા ભદ્રાએ મહિલા 200 મીટરની રેસની ફાઈનલમાં 23.20 સેકન્ડના સમય સાથે બ્રોન્ઝ મેડલ જીતીને ચમત્કાર કર્યો હતો.

અન્ય ઈવેન્ટ્સમાં મુરલી શ્રીશંકર અને ડેવિડ સોલોમન પુરુષ લોન્ગ જમ્પ ફાઈનલમાં પહોંચ્યા હતા. જ્યારે 400 મીટર હર્ડલ્સમાં સંતોષ તમિળારસન, વિથ્યા રામરાજ અને અનુ રાઘવન પણ પોતપોતાની હીટ્સમાંથી ફાઈનલમાં પ્રવેશવામાં સફળ રહ્યા હતા.

# સ્ક્વોશમાં અભય અને અનાહતે સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો

**ફાઇનલમાં** મલેશિયાના અનુભવી ખેલાડીઓ સામે ભારતીય યુવા સ્ટાર્સનો પરાજય થતાં ફરી ગોલ્ડ મેડલ ચૂક્યા

**લોસ** એન્જલસ ઓલિમ્પિક્સ 2028નો સીધો ક્વોલિફિકેશન મોકો હાથમાંથી સરક્યો



નાગોયા, તા. 27 (પીટીઆઈ): એશિયન ગેમ્સમાં વ્યક્તિગત સ્ક્વોશ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીતવાની ભારતની લાંબી રાહ રવિવારે પણ ચાલુ રહી હતી. ભારતના ઉભરતા ખેલાડીઓ અનાહત સિંહ અને અભય સિંહ પોતપોતાની ફાઈનલ મેચમાં મલેશિયાના અનુભવી સ્પર્ધકો સામે સીધી ગેમ્સમાં હારી જતા સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો હતો. વિશ્વમાં 24મો ક્રમાંક ધરાવતા અભય સિંહને ડિફેન્ડિંગ ચેમ્પિયન એનજી એઈન યોવ સામે 44 મિનિટ ચાલેલી મેચમાં 11-9, 11-5, 11-5થી હારનો સામનો કરવો પડ્યો હતો.

બીજી તરફ 18 વર્ષીય અનાહત સિંહ પણ મહિલા સિંગલ્સ ફાઈનલમાં મલેશિયાની વિશ્વની નંબર-5 ખેલાડી શિવસંગરી સુબ્રમણ્યમ સામે માત્ર 27 મિનિટમાં 4-11, 4-11, 7-11થી પરાજીત થઈ હતી.

આ પરાજય સાથે જ બંને ભારતીય ખેલાડીઓ 2028 લોસ એન્જલસ ઓલિમ્પિક્સ માટેનો સીધો ક્વોલિફિકેશન મોકો ચૂક્યા છે, કારણ કે આ એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ વિજેતાને ઓલિમ્પિક્સની સીધી ટિકિટ મળવાની હતી. હવે ભારતીય સ્ક્વોશ ખેલાડીઓએ ઓલિમ્પિક્સમાં સ્થાન મેળવવા માટે અન્ય ક્વોલિફિકેશન માર્ગો પર નિર્ભર રહેવું પડશે.

હાર છતાં, 18 વર્ષીય જૂનિયર વર્લ્ડ ચેમ્પિયન અનાહત સિંહ માટે આ સિલ્વર મેડલ તેની કારકિર્દીનું વધુ એક મહત્વપૂર્ણ પગલું છે. અનાહતે ખૂબ જ ટૂંકા સમયમાં વિશ્વના ટોપ-20 ખેલાડીઓમાં સ્થાન બનાવીને દીપિકા પલ્લીકલ અને જોશના ચિનપ્પા પછી ભારતીય મહિલા સ્ક્વોશના નવા ચહેરા તરીકે પોતાની ઓળખ પ્રસ્થાપિત કરી છે.

# પ્રથમ વનડેમાં ભારતનો વિન્ડિઝ સામે 8 વિકેટે વિજય

**કુલદીપની** સ્પિન મેજિક બાદ કોહલી અને ગિલની વિસ્ફોટક સદી

**296ના** ટાર્ગેટને ભારતે 41.4 ઓવરમાં ચેઝ કર્યો

**વિરાટ** કોહલી 15000 વન-ડે આંતરરાષ્ટ્રીય રન પૂર્ણ કરનાર સચિન બાદ વિશ્વનો બીજો બેટ્સમેન બન્યો

**કોહલીએ** વન-ડે કરિયરની 55મી તથા આંતરરાષ્ટ્રીય ક્રિકેટની 86મી સદી ફટકારી



તિરુવનંતપુરમ, તા. 27 (પીટીઆઈ): વિરાટ કોહલી અને કેપ્ટન શુભમન ગિલની શાનદાર સદીઓની મદદથી ભારતે રવિવારે રમાયેલી પ્રથમ વનડે મેચમાં વેસ્ટઈન્ડિઝ સામે 8 વિકેટે ભવ્ય વિજય મેળવ્યો છે. આ જીત સાથે ભારતે 3 મેચોની એકદિવસીય શ્રેણીમાં 1-0ની સરસાઈ મેળવી લીધી છે.

વેસ્ટ ઈન્ડિઝના 296 રનના લક્ષ્યાંકના જવાબમાં ભારતે 41.4 ઓવરમાં 2 વિકેટના ભોગે 300 રન બનાવીને આસાનીથી મેચ જીતી લીધી હતી.

વિરાટ કોહલીએ અણનમ 139 રનની (10 ચોગ્ગા, 9 છગ્ગા) વિસ્ફોટક ઈનિંગ રમી હતી, જ્યારે શુભમન ગિલે 110 રન બનાવ્યા હતા. બંને વચ્ચે બીજી વિકેટ માટે 150 રનની મજબૂત ભાગીદારી થઈ હતી. ગિલે પોતાની 10મી અને કોહલીએ વન-ડે કરિયરની 55મી તથા આંતરરાષ્ટ્રીય ક્રિકેટની 86મી સદી ફટકારી હતી. આ સદી સાથે કોહલી વન-ડે ક્રિકેટમાં 15000 રન પૂરા કરનાર સચિન તેંડુલકર પછી વિશ્વનો બીજો બેટ્સમેન બન્યો હતો. કેપ્ટન રોહિત શર્માએ પણ ઓપનિંગમાં ગિલ સાથે 75 રનની ભાગીદારી કરી હતી.

આ પહેલાં વેસ્ટ ઈન્ડિઝ તરફથી જસ્ટિન ગ્રીવ્સે પ્રથમ સદી (101 રન) અને જોન કેમ્પબેલે 62 રન બનાવી પ્રથમ વિકેટ માટે 135 રન જોડ્યા હતા. પરંતુ ચાઈનામેન બોલર કુલદીપ યાદવે ઉત્કૃષ્ટ બોલિંગ કરી 40 રનમાં 4 વિકેટ ઝડપી વિન્ડીઝના મિડલ ઓર્ડરને ધ્વસ્ત કર્યું હતું. અમીર જેંગુના અણનમ 58 રનની મદદથી વેસ્ટ ઈન્ડિઝે 7 વિકેટે 295 રન બનાવ્યા હતા, પરંતુ કોહલી અને ગિલની શાનદાર બેટિંગ સામે આ સ્કોર ઓછો સાબિત થયો હતો.

| વેસ્ટઈન્ડિઝ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| કેમ્પબેલ કો પ્રસિદ્ધબો કુલદીપ | 62 | 60 | 6 | 3 |
| ગ્રીવ્સ એલબી બો કુલદીપ | 101 | 108 | 12 | 0 |
| કાર્ટી કો ગિલ બો પ્રસિદ્ધ | 13 | 31 | 0 | 0 |
| હોપ કો જાડેજા બો કુલદીપ | 12 | 11 | 1 | 0 |
| જેન્ગો અણનમ | 58 | 43 | 7 | 1 |
| એન્ડ્રુ કો રોહિત બો કુલદીપ | 0 | 1 | 0 | 0 |
| રોસ્ટન બો પ્રસિદ્ધ | 24 | 32 | 3 | 0 |
| મેથ્યુ કો નમન બો નીતીશ | 7 | 12 | 0 | 0 |
| ગુડાકેશ અણનમ | 4 | 4 | 0 | 0 |
| વધારાના | 14 | | | |
| કુલ 50 ઓવરમાં 7 વિકેટે | 295 | | | |

**વિકેટ પતન:** 1-135, 2-176, 3-195, 4-198, 5-198, 6-250, 7-288

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| પ્રસિદ્ધ કૃષ્ણ | 10 | 0 | 60 | 2 |
| નીતીશ રેડ્ડી | 5 | 0 | 45 | 1 |
| ગુરુનર બરાર | 10 | 0 | 60 | 0 |
| રવિન્દ્ર જાડેજા | 10 | 0 | 54 | 0 |
| નમન ધીર | 5 | 0 | 33 | 0 |
| કુલદીપ યાદવ | 10 | 1 | 40 | 4 |

| ભારત | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| રોહિત કો અન્ડ્રુ બો જોસેફ | 32 | 35 | 2 | 3 |
| ગિલ કો અન્ડ્રુ બો ચેઝ | 110 | 108 | 13 | 1 |
| કોહલી અણનમ | 139 | 88 | 10 | 9 |
| ઋતુરાજ અણનમ | 13 | 19 | 0 | 0 |
| વધારાના | 6 | | | |
| કુલ 41.4 ઓવરમાં 2 વિકેટે | 300 રન | | | |

**વિકેટ પતન:** 1-74, 2-225

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| જાયદેન સીલ્સ | 7 | 0 | 32 | 0 |
| મેથ્યુ ફોર્ડે | 5 | 0 | 39 | 0 |
| અલ્ઝારી જોસેફ | 9 | 1 | 81 | 1 |
| ગુડાકેશ મોતી | 10 | 0 | 66 | 0 |
| રોસ્ટન ચેઝ | 10 | 0 | 64 | 1 |
| કેસી કાર્ટી | 0.4 | 0 | 17 | 0 |

# બોક્સિંગમાં પરવીન, અંકુશ અને નરેન્દર સેમિફાઇનલમાં, 3 મેડલ પાક્કા





**મહિલા** 65 કિગ્રામાં પરવીન હૂડા અને પુરુષ 80 કિગ્રામાં અંકુશ પંઘાલનો 5-0થી વિજય

**નરેન્દર** બરવાલે પ્રથમ રાઉન્ડમાં જ બાઉટ પૂરી કરી

નિશીયો (જાપાન), તા. 27 (પીટીઆઈ): આઈચી-નાગોયા એશિયન ગેમ્સ 2026માં રવિવારે ભારતીય બોક્સરોએ શાનદાર પ્રદર્શન કરતા 3 મેડલ સુનિશ્ચિત કર્યા છે. પરવીન હૂડા, અંકુશ પંઘાલ અને નરેન્દર બરવાલે પોતપોતાની ક્વાર્ટર ફાઈનલ બાઉટ જીતીને સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. જોકે, વર્લ્ડ ચેમ્પિયન સચિન સિવાચનો પુરુષ 60 કિગ્રા ક્વાર્ટર ફાઈનલમાં જાપાનના શુનસુકે કિતામોતો સામે 0-5થી પરાજય થયો હતો.

મહિલા 65 કિગ્રા ક્વાર્ટર ફાઈનલમાં પરવીન હૂડાએ ઉઝબેકિસ્તાનની વર્લ્ડ ચેમ્પિયનશિપ સિલ્વર મેડાલિસ્ટ નવબખોર ખામીદોવાને એકતરફી મુકાબલામાં 5-0થી પરાજય આપ્યો હતો. જ્યારે પુરુષ 80 કિગ્રામાં અંકુશ પંઘાલે તાજિકિસ્તાનના નેકરુઝ સલીમોવ સામે સર્વસંમતિથી 5-0થી વિજય મેળવ્યો હતો.

પુરુષ 90+ કિગ્રા સુપર હેવીવેઈટમાં નરેન્દર બરવાલે થાઈલેન્ડના અદથાપોંગ સૈંગતેપ પર શરૂઆતથી જ પ્રહાર કર્યા હતા. બે મિનિટથી પણ ઓછા સમયમાં રેફરીએ થાઈલેન્ડના બોક્સરને 3 સ્ટેન્ડિંગ કાઉન્ટ આપ્યા બાદ બાઉટ રોકીને નરેન્દરને વિજેતા જાહેર કર્યો હતો.



# ભારતીય મહિલા હોકી ટીમ સિંગાપોરને 7-0થી કચડીને સેમિફાઈનલમાં

**પુલ** B માં તમામ 5 મેચ જીતીને ભારત ટોપ પર રહ્યું


કાકામીઘહારા, તા. 27 (પીટીઆઈ): એશિયન ગેમ્સમાં ભારતીય મહિલા હોકી ટીમે પોતાનું ઉત્કૃષ્ટ પ્રદર્શન જાળવી રાખતા રવિવારે પુલ Bની અંતિમ મેચમાં સિંગાપોરને 7-0થી પરાજય આપ્યો હતો. આ જીત સાથે ભારતીય ટીમે ગ્રુપ સ્ટેજની તમામ 5 મેચો જીતીને અપરાજિત રહી સેમિફાઈનલમાં સ્થાન મેળવ્યું છે, જ્યાં 30 સપ્ટેમ્બરે તેમનો સામનો દક્ષિણ કોરિયા સામે થશે.

ભારત તરફથી સુનેલિતા તોપ્પોએ બે ગોલ (22મી, 24મી મિનિટ) કર્યા હતા. આ સિવાય કેપ્ટન સલીમા ટેટે (17મી), લાલરેમ્સિયામી (26મી), ઋતુજા દાદાસો પિસાલે (29મી), નિક્કી પ્રધાન (35મી) અને દીપિકાએ (55મી) 1-1 ગોલ કર્યો હતો. ભારતે મેચ પર સંપૂર્ણ વર્ચસ્વ જાળવી રાખ્યું હતું, જોકે સિંગાપોરે પેનલ્ટી કોર્નર ડિફેન્સમાં પ્રશંસનીય પ્રદર્શન કર્યું હતું.

## સુડોકુ ૭૬૩૯ 'ક્રુતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૯ | ૩ | | |
| | | | | | ૭ | | | |
| | ૨ | ૭ | ૫ | ૩ | | | ૯ | |
| | | | | ૯ | ૨ | ૪ | | ૫ |
| | | | | ૮ | | ૨ | | ૯ |
| | | ૪ | ૬ | | ૫ | ૭ | | |
| | ૭ | ૨ | ૯ | ૫ | ૧ | | | ૩ |
| | | | ૪ | ૬ | ૮ | ૫ | ૨ | |
| | ૮ | ૬ | | ૭ | | | ૪ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

### માનસિક અસ્થિર

સેકેલી ગાંગડા હિંગ 20 ગ્રામ, વજ 20 ગ્રામ, જટામાંસી 20 ગ્રામ, કઠ 40 ગ્રામ, સંચળ 40 ગ્રામ, વાવડીંગ 20 ગ્રામ લઇ બારીક ચૂર્ણ કરવું. તેમાંથી 3 ગ્રામ ચૂર્ણ રોજ ત્રણ વાર હુંફાળા પાણીમાં લો. ધીરજ રાખવી. ત્રણ માસ પ્રયોગ ચાલુ રાખો.

# એશિયન ગેમ્સ ક્વાર્ટર ફાઈનલમાં આજે ભારતનો મુકાબલો અફઘાનિસ્તાન સાથે

**શ્રેયસ** અય્યરની આગેવાનીમાં ભારતની નજર સતત બીજા ગોલ્ડ પર

**બુમરાહ**, કિશન અને અક્ષર જેવા દિગ્ગજો સાથે ઉતરશે ટીમ




નિશીન (જાપાન), તા. 27 (પીટીઆઈ): એશિયન ગેમ્સ 2026ના પુરુષ ક્રિકેટ સ્પર્ધાના ક્વાર્ટર ફાઈનલ મુકાબલામાં સોમવારે ભારતનો સામનો બિનઅનુભવી અફઘાનિસ્તાન સામે થશે. ભારે દાવેદાર ગણાતી ભારતીય ટીમ જાપાનની અજાણી પરિસ્થિતિઓમાં ઝડપથી અનુકૂળ થઈને જીત નોંધાવવા માટે આતુર છે. કોરોગી સ્પોર્ટ્સ પાર્ક ખાતે રમાનારી આ મેચમાં શ્રેયસ અય્યરની આગેવાની હેઠળની ભારતીય ટીમ સંપૂર્ણ શક્તિ સાથે મેદાનમાં ઉતરશે.


ભારતે આ વખતે જસપ્રિત બુમરાહ, ઈશાન કિશન, અભિષેક શર્મા અને અક્ષર પટેલ જેવા સ્ટાર ખેલાડીઓ સાથેની મજબૂત ટીમ મોકલી છે. બીજી તરફ દરવિશ રસૂલીના નેતૃત્વ હેઠળની અફઘાનિસ્તાન ટીમે આ ટુર્નામેન્ટ માટે 6 અનકેપ્ડ ખેલાડીઓની પસંદગી કરી છે. અફઘાનિસ્તાનને ગ્રુપ સ્ટેજમાં નેપાળ સામે આંચકાજનક પરાજયનો સામનો કરવો પડ્યો હતો, જેથી તેમની બેટિંગ લાઈન-અપ નબળી દેખાઈ રહી છે. ભારત સીધું ક્વાર્ટર ફાઈનલથી પોતાના અભિયાનની શરૂઆત કરી રહ્યું છે. જો ભારત નૌકઆઉટ સ્ટેજમાં સતત 3 મેચો જીતી લેશે, તો તે એશિયન ગેમ્સમાં સતત બીજો ગોલ્ડ મેડલ મેળવવામાં સફળ રહેશે. ઓપનિંગમાં અભિષેક શર્મા અને સંજુ સેમસનની જોડી હોવાથી 15 વર્ષીય વૈભવ સૂર્યવંશીને પ્લેઈંગ-11માં તક મળવાની શક્યતા ઓછી છે.

### વરસાદની નાંખી શકે છે વિઘ્ન, મેચ રદ થશે તો ભારત સીધું સેમિફાઇનલમાં

સોમવારે નિશિન ખાતે ભારે વરસાદની આગાહી છે, જેના કારણે આ મેચ ધોવાઈ જવાની પૂર્ણ શક્યતા છે. જો વરસાદના કારણે મેચ રદ થશે, તો આઈસીસી T20I રેન્કિંગ આધારિત ઉચ્ચ સીડિંગના કારણે ભારત સીધું સેમિફાઇનલમાં પ્રવેશ કરશે. ઉલ્લેખનીય છે કે, 2023ના હેંગઝોઉ એશિયન ગેમ્સની અફઘાનિસ્તાન સામેની ફાઇનલ પણ વરસાદને કારણે રદ થઈ હતી, જેમાં ભારતે ઉચ્ચ રેન્કિંગના આધારે ગોલ્ડ મેડલ મેળવ્યો હતો.

## શબ્દગુંફન - ૭૨૫૫

અરવિંદ એસ. મારૂ




**આડી ચાવી**

૧. ગણપતિ, ગજાનન (૪)
૪. વખતસર (૫)
૭. તેજ, ભપકો (૩)
૮. સુનિલ દત્તની એક ફિલ્મ (૪)
૧૦. કાંઠો, કિનારો (૨)
૧૧. લેખ, દસ્તાવેજ (૨)
૧૨. એક તેલી બી (૨)
૧૩. સ્ત્રી, મહિલા (૨)
૧૪. જમીન માલિક (૫)
૧૭. શ્રી રામનો પુત્ર (૨)
૧૯. લીન, આશક્ત (૨)
૨૦. નુકસાન (૨)
૨૧. વૃદ્ધ, અશક્ત (૩)
૨૩. આનંદ, લહેર (૨)
૨૪. કુસ્તીબાજ (૨)
૨૫. ખેલ (૩)
૨૬. આદમી (૨)
૨૮. અનુકૂળ વખત (૨)
૨૯. લગ્ન (૩)
૩૦. કૃષ્ણ પક્ષનું, અંધારિયું (૨)
૩૧. ક્રોધ, નાશકારક આફત (૨)
૩૨. પરમેશ્વર (૨)
૩૩. અરુચિ (૩)

**ઊભી ચાવી**

૨. નાનું ઊંટ (૩)
૩. દાંત (૩)
૪. સરખી સપાટીનું (૪)
૫. મૃત્યુના દેવ (૨)
૬. વિનાનું (૩)
૮. આબરૂ, વિશ્વાસ (૩)
૯. એક સરખું (૩)
૧૧. ગધેડો (૨)
૧૨. તૃપ્ત, ધરાયેલું (૨)
૧૩. હોડી, વહાણ (૨)
૧૫. ગળી વાની, પકવાન (૩)
૧૬. દાન આપનાર (૨)
૧૭. ટેવ, વ્યસન (૨)
૧૮. એક ગ્રહ (૨)
૧૯. છુટ્ટી, પરવાનગી (૨)
૨૦. અવસ્થા (૨)
૨૧. આદમી (૨)
૨૨. ફેરફાર (૩)
૨૩. હેતુ, આશય (૪)
૨૪. ઇચ્છા, મરજી (૨)
૨૬. જન્મ આપનાર (૩)
૨૭. નકામું, બાદ કરેલું (૨)
૨૮. તપસ્યા (૨)
૩૦. જંગલ (૨)



## આજનું પંચાંગ

**તા. 28/09/2026, સોમવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** ભાદરવો
**તિથિ:** વદ: બીજ: 19:15-બીજનું શ્રાધ્ધ
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** આસો-06
**યોગ :** ધ્રુવ **કરણ:** તૈતિલ
**નક્ષત્ર :** રેવતી: 10:17 પછી અશ્વિની
**રાશિ:** મીન (દ.ચ.ઝ.થ) 10:17 પછી મેષ (અ.લ.ઇ.)
**દિવસ :** દ્વિતીયા શ્રાધ્ધ્
**સુરતમાં સૂર્યોદય :** 06:30 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:28
**નવકારસી :** 07:18
**પારસી વર્ષ :** 1396 અરદીબેહેસ્ત માસનો 15મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 રબિઉલ આખર માસનો 16મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત
**રાત્રિનાં ચોઘડિયાં:** ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ
**રાહુ કાળ :** સવારે: 7:30થી 9:00 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** ગુપ્તભય સતાવે. કોઇ કાવતરાનો ભોગ બની શકો છો. હરીફોથી સાવધાન. પ્રવાસમાં કોઇની વાતોમાં આવવુ નહી.

**વૃષભ (બ,વ,ઉ,):** નવા રોકાણમા ધીરજ રાખવી. સ્વાર્થી મિત્રોથી સાવધાન. ધાર્મિક પ્રવાસમાં સાવધાન રહેવું. ખર્ચા વધશે.

**મિથુન (ક,છ,ઘ,):** નોકરીમાં પ્રગતિ કે નવી તક મળે. આવક વધારવાની યોજના બને. મિત્રોનો સાથ સંતાનોના કામમાં મળે. મન અશાંત રહે.

**કર્ક (ડ,હ,):** બૌધ્ધિક કાર્ય સફળ બને. શિક્ષણમાં નવી તક રહે. શીખવાનુ મળે. ધંધામાં નવા સોદાથી આવક વધશે.

**સિંહ (મ,ટ,):** ગુપ્ત શત્રુઓ અને નોકર-ચાકરથી નુકસાન થઇ શકે છે. વિદેશથી શુભ સમાચાર મળે. ધાર્મિક પ્રવાસ થાય.

**કન્યા (પ,ઠ,ણ,):** દાંપત્યમાં તાલમેળથી ઘર-પરિવારના કામમાં પ્રગતિ થાય. સરકારી કામમાં મદદ મળે. ઉઘરાણી આવે.

**તુલા (ર,ત,):** નોકરીમાં નવી તક કે જવાબદારી મળે. સરકારી કામમાં પ્રગતિ થાય. સામાજિક કામમાં યસ મળે.

**વૃશ્ચિક (ન,ય,):** પ્રેમમાં યશ મળે. અભ્યાસમાં પ્રગતિ થાય. વિજાતિય આવેગ પર કાબૂ રાખવો. ગુસ્સાથી બચવું.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** ઘરમાં નવા ફેરફાર થાય. આવક વધારવાની યોજના બને. સંતાનોના કામમા પ્રગતિથી શાંતિ મળે.

**મકર (ખ,જ,):** આત્મવિશ્વાસ વધશે. બીજાને મદદ કરવામાં સાવધાન રહેવું. અચાનક પ્રવાસથી અશાંતિ વધશે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** ઉઘરાણી આવી શકે છે. ઘરમાં અવર-જવર વધે. બૌધ્ધિક અને ક્રિએટીવ કામમાં સફળતાથી વધે.

**મીન (દ,ચ,ઝ,થ,):** નવા સામાજિક સંબંધો મજબૂત બનશે. નોકરી-ધંધામા આવક વધે. આર્થિક બાબતે નવી યોજના બને.

### કોઈ પણ સાલમાં 28 સપ્ટેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સામાન્ય રહેશે. નવી ટેકનોલોજી અને સરકારની નવી નીતિ પ્રમાણે કામ કરવાથી નવું શીખવાનું મળે તથા કાર્યબોજ જવાબદાર અને દોડધામ વધશે. સમાજમા સામાન્ય રહે. આર્થિક બાબતે ચડતી પડતી રહે. નોકરી-ધંધા-વ્યવસાય-સમાજ વગેરેમાં હરીફો વધે. અશાંતિજનક વાતાવરણનો સામનો થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદથી રાહતનો અનુભવ વધે. સંતાનોના કામ થાય. વિદેશમાં વિદ્યાભ્યાસથી યોજનામા કાયદા કાનુનની મદદ મળે. ઉંમરલાયકના વિવાહ થાય. પ્રેમ વિવાહમાં અનુકુળતા થાય. આવક વધારવાની યોજનામા ચડતી-પડતી રહે. વારસા-જાયદાદ જમીન જેવા કામમા મદદ મળે. નવા ઘર, વાહન, મકાનની યોજના શરૂઆતમાં પાર પડશે. સરકારી નોકરીની તક મળે. યાત્રા પ્રવાસ, ધર્મ-કર્મ થાય. જુલાઇ, ઓગસ્ટ, રવિ, સોમવાર 01,10,28 તારીખે નવા કામ કરવા. સોનેરી-ભૂરા રંગનો ઉપયોગ કરવો. નવેમ્બર-ડિસેમ્બર, શુક્ર, શનિવાર 07,16,25 તારીખે નવા કામ ટાળવા. શ્યામ રંગનો ઉપયોગ ટાળવો. સૂર્યના ઉપાય કરતા રહેવું.

# સિંગલ્સ ક્વાર્ટર ફાઈનલમાં સિંધુ અને ઉન્નતિ પરાજિત

**12 વર્ષ** બાદ વ્યક્તિગત ઈવેન્ટ્સમાં ભારત મેડલ વગરનું રહ્યું

**મહિલા** ડબલ્સ ક્વાર્ટર ફાઇનલમાં ટ્રીસા અને ગાયત્રીની જોડી ક્વાર્ટરફાઈનલમાં હારી

**મિક્સ્ડ** ડબલ્સમાં ધ્રુવ અને તનિશાની જોડી હારીને બહાર



નાગોયા, તા. 27 (પીટીઆઈ): આઈચી-નાગોયા એશિયન ગેમ્સ 2026માં રવિવારે ભારતીય બેડમિન્ટન ખેલાડીઓ માટે નિરાશાજનક દિવસ રહ્યો હતો. મહિલા સિંગલ્સ ક્વાર્ટર ફાઈનલમાં પી વી સિંધુ અને ઉન્નતિ હૂડા સક્ષમ પ્રદર્શન છતાં હારીને બહાર થઈ ગઈ હતી, જેની સાથે જ બેડમિન્ટનની વ્યક્તિગત સ્પર્ધાઓમાં ભારતને એક પણ મેડલ ન મળ્યો હતો.

બે વખતની ઓલિમ્પિક મેડાલિસ્ટ પીવી સિંધુ ટોક્યો ઓલિમ્પિક ચેમ્પિયન ચીનની ચેન યુ ફેઈ સામે 21-11, 18-21, 10-21થી પરાજિત થઈ હતી. બીજી તરફ 19 વર્ષીય ભારતીય શટલર ઉન્નતિ હૂડાએ પણ જાપાનની ત્રણ વખતની વર્લ્ડ ચેમ્પિયન અકાને યામાગુચીને જોરદાર ટક્કર આપી હતી, પરંતુ આખરે તે પણ 16-21, 21-14, 17-21થી હારી ગઈ હતી.

### ખરાબ શિડ્યુલિંગથી સિંધુ નારાજ; 24 કલાકમાં 3 મેચ રમવા પડ્યા

ભારતીય સ્ટાર શટલર પી વી સિંધુ અને ઉન્નતિ હૂડાએ એશિયન ગેમ્સમાં બેડમિન્ટનના ખરાબ શિડ્યુલિંગ સામે ભારે નારાજગી વ્યક્ત કરી છે. સિંધુએ જણાવ્યું કે 24 કલાકમાં 3 મેચો રમાડવાનું આયોજન બિલકુલ યોગ્ય નહોતું, જેના કારણે ખેલાડીઓને ભરપૂર એનર્જી માગી લેતી આ રમત માટે રિકવરી માટે પૂરતો સમય મળ્યો ન હતો. સિંધુએ ઈન-કોર્ટ રિવ્યૂ માટે કેમેરાની ગેરહાજરી સામે પણ સવાલો ઉઠાવ્યા હતા. ભારતીય બેડમિંટન ખેલાડી પ્રણોય રોય પ્રથમ ખેલાડીઓ પૈકી હતો જેણે એશિયન ગેમ્સમાં બેડમિન્ટનના ખરાબ શેડ્યુલની ટીકા કરી હતી.